ખેતીની જમીનોમાં વડિલોપાર્જિત, સ્વ-પાર્જિત મિલકતમાંથી હક્ક ઉઠાવવો, વહેંચણી કરવી, પુન: વહેંચણી કરવી તથા હયાતીમાં હક્ક દાખલ કરવા અંગેની કાર્યપધ્ધતિ બાબત.

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક:હકપ-૧૦૨૦૧૬-૧૦૧૭-જ
મહેસૂલ વિભાગ, સચિવાલય
ગાંધીનગર.
તા. ૧૪ /03/૨૦૧૬

પ્રસ્તાવના :

રાજયમાં કૌટુંબીક સંબંધોમાં કરવામાં આવતી ખેતીની જમીનની સીધી લીટીના વારસદારો વચ્ચેની તબદીલી અંગેના વ્યવહારોમાં નામ દાખલ કરવાની, નામ રદ્દ કરવાની, કૌટુંબિક વહેંચણી/વારસાઇની પ્રક્રિયા અંગેની પધ્ધતિઓ અન્વયે આમ પ્રજાને પડતી મુશ્કેલીઓ માટે નાગરિકો દ્વારા માન. ધારા સભ્યશ્રીઓ દ્વારા, ખેડૂત પ્રતિનિધિઓ દ્વારા સરકાર સમક્ષ રજૂઆતો થયેલ છે. રાજ્ય સરકાર લોકાભિમુખ વહીવટ માટે પ્રતિબધ્ધ હોઇ અને પ્રજાને પડતી હાડમારી દૂર કરવાની કટીબધ્ધ હોઇ, રાજ્યમાં ઉક્ત બાબતે એકસૂત્રતા જળવાય તેવી કાર્યવાહી અનુસરવા નિર્ધાર કરેલ છે. ખેડૂતોના ખેતીની જમીન ઉપરના હક્કને સુરક્ષિત કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. આથી, તમામ સ્થાયી સૂચનાઓ વિવિધ અધિનિયમોની જોગવાઇઓ ધ્યાને રાખી સરકાર સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય અને પ્રજાને પડતી હાડમારી દૂર થાય તથા ખેડૂતોના ખેતીની જમીન ઉપરના હક્ક સુરક્ષિત રહે તે ધ્યાને રાખીને વડીલોપાર્જિત, સ્વ-પાર્જિત ખેતીની જમીનમાંથી સીધી લીટીના વારસદારો વચ્ચે હક્ક ઉઠાવવો, વહેંચણી કરવી, પુન: વહેંચણી કરવી તથા હયાતીમાં હક્ક દાખલ કરવા અંગેની બાબતો પરત્વે નવેસરથી સૂચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પરિપત્ર

ઉક્ત હકીકતે હકક પત્રકમાં નોંધો પ્રમાણિત કરવા તમામ મહેસુલી અધિકારીઓને નીચે મુજબની સુચનાઓનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

## (૧) વારસાઈની નોંધો:-

ખેતીની જમીનની વારસાઇ કરતી વખતે પેઢીનામામાં તમામ વારસદારો દર્શાવેલા હોવા જોઇશે અને તમામ વારસદારો (સગીર વારસદારો સહિત) ના નામો દાખલ કરવાના રહેશે.